| | | |
|---|---|---|
| | | લાભેશ્વર પોલીસ ચોકીનો વિસ્તાર |
| રાંદેર ઝોન | : | સ્વામીનારાયણ મંદીર, બદરીનારાયણ મંદીર, ફાયર સ્ટેશન, બાપ્સ હોસ્પીટલ, અડાજણ ગામ, શ્રીજી આર્કેડ, શીવાનંદ એપાર્ટમેન્ટ, અડાજણપ શીવાની પાર્ક, સાઈનગર, શ્રીકૃપા એપાર્ટમેન્ટ, રોયલ રેસીડન્સીનો વિસ્તાર |
| કતારગામ ઝોન | : | કુબેરનગર, પારસ શાક માર્કેટ, પારસ પોલીસ ચોકી, માધવાનંદ આશ્રમ, ઉદયનગર, પીપલ્સ ચાર રસ્તા, હનુમાન મંદીર થી અનાથ આશ્રમ ચાર રસ્તા, ફંલપાડા, શાબરીનગર, ચીકુવાડી, ઝેનીથ મીલ, નટરાજ સીનેમા, કતારગામ સીંગણપોર રોડ, કંતારેશ્વર મંદીર, મસ્જીદ મહોલ્લો, મોટીવેડ, કોસાડ આવાસ, મનીષા ગરનાળા અમરોલી, માનસરોવર સર્કલ અમરોલી, ઉત્રાણનો વિસ્તાર |
| ઉધના ઝોન | : | જોગાણી માતાના મંદીર, ખટોદરા હેલ્થ સેન્ટર, મનહર ડાઈંગ, સેન્ટર પોંઈટ, સોસીયો સર્કલ, અલથાણ ખાડી, પંચશીલનગર, બમરોલી રોડ, દુક્ષેશ્વર મંદીરનો વિસ્તાર |
| અઠવા ઝોન | : | આદર્શ સોસાયટી, પીપલોદ, નર્મદનગર, સોમનાથ સોસાયટી, રઘુરામ પાર્ટી પ્લોટ, અલથાણ હળપતિવાસ, ખટોદરા ઉમા ભવન, મગદલ્લા, ગવીયર ગામનો વિસ્તાર |
| લીંબાયત ઝોન | : | સાલા સરગેટ, મહાવીર માર્કેટ, ગોડાદરા, મહારાણાપ્રતાપ ચાર રસ્તા, દેવધ ગામની બોર્ડર સુધી, રેલ્વેફાટક ડીંડોલી–૨ થી ઓવરબ્રીજ સુધીનો વિસ્તાર |

TOP

## "મેલેરીયા–ડેંગ્યુ–ચીકનગુનિયા વિરોધી માસ" અંતર્ગત યોજાયેલ ચિત્ર/કવીઝ/નિબંધ સ્પર્ધા



ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દરવર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વીબીડીસી વિભાગ ધ્વારા જુન–જુલાઈ–૨૦૧૪ **"મેલેરીયા–ડેંગ્યુ–ચીકનગુનિયા વિરોધી માસ"** અંતર્ગત સેન્ટ્રલ ઝોન વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં મચ્છર,તેનુ જીવનચક્ર,તેની ઉત્પત્તિ,તેનાથી ફેલાતા રોગો અને તેના અટકાયત માટેના પગલા બાબતે જરૂરી સમજણ કેળવાય તે હેતુસર સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ વચ્ચે તા.૨૫/૦૭/૨૦૧૪ ના રોજ અંબાબા હરીપુરા ગર્લ્સ હાઈસ્કુલ,હરીપુરા ખાતે "મેલેરીયા–ડેંગ્યુ–ચીકનગુનિયા વિષયક "કવીઝ અને "નિબંધ સ્પર્ધા" તથા તા. ૨૬/૦૭/૨૦૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકા કમ્યુનિટીહોલ, કડીવાલા અને બૂનકી હેલ્થ સેન્ટરની સામે,રૂસ્તમપુરા ખાતે "મેલેરીયા–ડેંગ્યુ–ચીકનગુનિયા વિષયક "ચિત્ર સ્પર્ધા" નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ હતુ.જેમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારની કુલ ૫૦ શાળાઓના કુલ ૨૯૧ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.સુરત મહાનગરપાલિકાનો હેતુ આ સ્પર્ધા દરમ્યાન ખુબ જ સારી રીતે સાર્થક થયો હતો.સદર સ્પર્ધાઓ પૈકી દરેક સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઈનામ સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવનાર છે.

ઉપર મુજબની સ્પર્ધાના આયોજન માટે અંબાબા હરીપુરા ગર્લ્સ હાઈસ્કુલ,હરીપુરાના આચાર્યશ્રી અને તેમની ટીમનો ખુબ સારો સહકાર સુરત મહાનગરપાલિકાને સાપડયો હતો.

તમામ સ્પર્ધાઓ સેન્ટ્રલઝોનના નાયબ આરોગ્ય અધિકારી શ્રી કે.આઈ.ખત્રી અને આસી. જંતુનાશક અધિકારી શ્રી એન.બી.સુથારના સીધા માર્ગદર્શન અને સુપરવીઝન હેઠળ યોજવામાં આવી હતી

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :-

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૬૧ (પરવટ–ગોડાદરા) | | |
| ૨ | વિસ્તાર | ભારદ્વાજનગર સોસાયટી, ગોડાદરા | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૧૧૬ | | |
| | સબ પ્લોટ નંબર | ૨૫,૨૬ | | |
| | રીઝર્વેશન પ્લોટની વિગત | – | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે) | રહેઠાણ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ(ફુટમા) | ચો.ફુટ(વિસ્તાર) |
| | | ભોયતળિયે | ૧૨'×૧૫' | ૧૮૦ |
| | | પ્રથમમાળ | ૨૫'×૪૦' | ૧૦૦૦ |
| | | બીજોમાળ | – | – |
| | | .ત્રીજોમાળ | – | – |
| | | ચોથોમાળ | – | – |
| ૬ | માલિકનું નામ | – | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | – | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | ઉપર જણાવેલ મિલ્કતમાં ખાડીન કિનારે ગ્રાઉન્ડ ફલોરનું તથા લાગુ પ્લોટ પર પ્રથમ માળનું પરવાનગી વિના આર.સી.સી.કોલમ, બીમ,સ્લેબ સહિતનું બાંધકામ મિલ્કતદાર તરફથી કરવામાં આવેલ. જે આજ રોજ અત્રેના ઝોનના ટેકનીકલ સ્ટાફ, તેમજ દબાણ સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ છે. | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | ૫ | | |
| | બેલદારની સંખ્યા | ૧૧ | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | – | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | – | | |
| ૧૩ | અન્ય માહિતી | – | | |

TOP

## સુરત મહાનગરપાલિકા તમામ ઝોન વિસ્તારોમાં 'મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન'' બાબત :–

સુરત મહાનગરપાલિકા તમામ ઝોન વિસ્તારોમાં 'મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન'' અંતર્ગત આજ તા.૨૬–૭–૧૪ અને ૨૭–૭–૧૪ નાં રોજ મા.કમિશ્નરશ્રીની નોંધ નં. સીએન/૪૫ તા.૨૫–૭–૧૪ સંદર્ભે ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ કામગીરી હાથ ધરવામાં આવી. જે પૈકી અધિકારી / સુપરવાઈઝર–૮૬૭ અને સફાઈ કામદાર / બેલદાર ૩૩૬૩ મળી કુલ ૪૧૩૦ કર્મચારીઓ આ ઝુંબેશમાં જોડયા હતા. આ કામગીરી દરમ્યાન કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો કુલ ૮૧૬ મે.ટન જેટલો કચરો નિકાલ કરવામાં આવ્યો અને લારી, ગલ્લા અને અન્ય સામાન મળી કુલ–૬૯૨ દબાણો દુર કરવામાં આવ્યા. ૨૭૨૯ ચો.મી. ફુટપાથ રીપેર કરવામાં આવી. જયારે ૪૨૬૨૨ રનીંગ મીટર વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્કેપીંગ કરી સાફ કર્યા. વરસાદી જાળીયા / ઈનલેટ ચેમ્બર / મેનહોલ પૈકી ૧૩૯૭ સાફ કરી અને ૯૨ રીપેર કરવામાં આવ્યા. લાઈટ વિભાગ ધ્વારા ૧૩૮૩ જગ્યાએ લાઈટપોલ ચેક કામગીરી કરવામાં આવી. પે એન્ડ યુઝ ટોઈલેટ ૫૦ ચેક કરી ૩૭ સંચાલકોને નોટીસ આપવામાં આવી. ૧૨૭ ધાર્મિક સ્થળ, સામાજીક, શૈક્ષણિક વ્યાપારી સંસ્થાઓની આજુબાજુની ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવી. આ વિસ્તારોમાં જણાયેલ બાંધકામનું મટીરીયલ, ડેબ્રીસના ૩૫૬ ઢગલાઓનો નિકાલ કરવામાં આવ્યો. આનગી / સરકારી ખુલ્લી ૬૪ પ્લોટોમાં ગંદકી જણાતા તેની સફાઈ કરાવવામાં આવી. ૨૩૪ કિ.ગ્રા. જેટલી ૪૦ માકર્ઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો. ૧૧૫૬ વ્યકિતગત શૌચાલય પૂર્ણ કર્યા અને ૩૬૮ નવા બાંધકામ હેઠળ જણાયા. ૬૯ ટ્રાફીક સર્કલ / મહાનુભાવોની પ્રતિમા સફાઈ કરાવવામાં આવી. ૨૮૬ જેટલી હોટલ / રેસ્ટોરન્ટ ચેક કરી, ૨૯૫ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો. આ કામગીરી દરમ્યાન જે.સી.બી./ લોડર ૧૧, ટ્રેકટર ૩૨, ટ્રક ૩૫ મળી કુલ ૭૬ જેટલી મશીનરીઓનો ઉપરયોગ કરવામાં આવેલ. આ ઝુંબેશ કામગીરી દરમ્યાન ૬૨૪ સંસ્થાઓને નોટીસ / ચેતવણી આપી રૂા.૧૦,૮૩,૯૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ. ગાર્ડન વિભાગ ધ્વારા ૩૧૪ જેટલા ઝાડ ટ્રીમીગ અને ડીવાડર ટ્રીમીંગ ૩૬૭૨ કર્યા, ૩૪૨૦ નિંદામણ કરવામાં આવી, ૫૭ જુના ટ્રી ગાર્ડ દુર કરવામાં આવ્યા.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન ઝુંબેશ દરમ્યાન જાહેર જનતા તરફથી મળેલ અને પડતર રહેલ ફરીયાદોનો નિકાલ સ્થળ ઉપર કરવામાં આવેલ છે. આ અભિયાનમાં જોડાવા જાહેર જનતાને અપિલ કરવામાં આવેલ છે તથા તેઓના અભિપ્રાય / ફરીયાદો માટે ટોલ ફ્રી નં : ૧૮૦૦–૧૨૩– ૮૦૦૦, હેલ્પ લાઈન નંબર : ૦૨૬૧–૨૪૫૧૯૧૩ ૫ર મહાનગરપાલિકા સાથે સંવાદ સાધવા વિનંતી છે.

ઉપરોકત તમામ ઝુંબેશ મા.કમિશ્નરશ્રીના આદેશ અને માર્ગદર્શન હેઠળ કરાવવામાં આવી હતી.

TOP

## 'મિશન મંગલમ (અર્બન) યોજના' અંતર્ગત તેમજ મા.મુખ્ય મંત્રીશ્રીના ''ગતિશીલ ગુજરાત લક્ષ્ય–૧૦૦ દિવસ'' બાબત :–

સુરત મહાનગરપાલિકાના યુસીડી વિભાગ ધ્વારા અમલીકૃત 'મિશન મંગલમ (અર્બન) યોજના' અંતર્ગત તેમજ મા.મુખ્ય મંત્રીશ્રીના ''ગતિશીલ ગુજરાત લક્ષ્ય–૧૦૦ દિવસ'' સંદર્ભમાં રચના કરવામાં આવેલ સખી મંડળો અને સેલ્ફ હેલ્પ ગ્રુપ (SHG)ને બેંક સાથે જોડાણ કરવા અંગે બેંકો તરફથી પુરતો સહકાર મળે તે હેતુથી મા.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના અધ્યક્ષ સ્થાને તા.૨૮/૭/'૧૪ના રોજ લીડ ડિસ્ટ્રીકટ મેનેજરશ્રી, તથા શહેરની વિવિધ બેંકોના અધિકારીશ્રી/ કો.ઓર્ડીનેટરશ્રીઓ સાથે સમીક્ષા મીટીંગ યોજાયેલ.

મા.કમિશ્નરશ્રીએ બેંકોના ઉપસ્થિત કો.ઓર્ડીનેટરશ્રીઓને જણાવેલ કે, ''બેંકોનું કાર્ય માત્ર નાણાની લેવડ–દેવડ પુરતું મર્યાદિત ન રહેતા સામાજીક જવાબદારીના ભાગરૂપે સમાજના છેવાડાના માનવીઓનું આર્થિક ઉત્થાન થાય તેવી પ્રવૃત્તિઓ પણ કરવી જોઈએ તે માટે ગરીબ મહિલાઓના જુથોને બેંક તરફથી પુરતો સહયોગ મળે તે પણ જરૂરી છે.'' રચાયેલ જુથોને બેંક સાથે સરળતાથી જોડી શકાય, તથા એકસૂત્રતા જળવાય, અને કામગીરી સમયમર્યાદામાં કરી શકાય તે હેતુસર દર મંગળવારે ૨ થી ૪ના સમય દરમ્યાન સખી મંડળોના ખાતા ખોલવાની કામગીરીને બેંકો ધ્વારા અગ્રતા આપવા માટે જણાવ્યું.

વધુમાં બેકર્સ તરફથી પણ  મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત જરૂરી સહકાર આપવા ખાત્રી આપેલ. બેંકર્સ સાથે સંકલનમાં અનુકૂળતા રહે તે માટે તમામ બેંકર્સો અને સખી મંડળના હોદ્દેદારોને સાંકળી એક દિવસનો ઓરીએન્ટેશન વર્કશોપનું આયોજન કરવા જણાવેલ છે.

TOP

## તમામ ઝોન વિસ્તારોમાં મહાત્માં ગાંધી સ્વચ્છતા મિશન

સુરત મહાનગરપાલિકા તમામ ઝોન વિસ્તારોમાં મહાત્માં ગાંધી સ્વચ્છતા મિશન અંતગત, મે.કમિશનરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે. (હેલ્થ અને હોસ્પીટલ)નાં માગદર્શન  હેઠળ તા. ૨૧/૦૭/૨૦૧૪ થી ૨૭/૦૭/૨૦૧૪નાં રોજ ઘનિષ્ઠ સફાઈ ઝુબેર કામગીરીમાં આરોગ્ય વિભાગનો તમામ સ્ટાફ મળીને ઓપન પ્લોટ, ન્યુસન્સ,પ્લાસ્ટીક ઝુંબેશ વિગેરે આરોગ્ય વિષયક કામગીરી હાથ ધરવામાં આવેલ. આ ઝુંબેશ દરમ્યાન ન્યુસન્સ કરતા ઈસમો/સંસ્થા પાસેથી રૂા.૬,૨૭,૭૦૦/– ,પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ કરતી સંસ્થાઓ પાસેથી રૂા. ૧,૫૩,૮૦૦/–, વેકટર બોર્ન ડીસીઝ કન્ટ્રોલ યુનીટ દ્વારા મોસ્કીટો જનીક કન્ડીશન કરવા બાબત રૂા.૩,૨૩,૫૦૦/– તથા અન્ય વહીવટી ખર્ચ પેટે રૂા. ૨,૭૦,૨૮૦/– મળીને કુલ રૂા.૧૩,૭૫,૦૩૦/– જેટલો વહીવટી ખર્ચ તમામ ઝોન વિસ્તારોમાંથી વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં સેન્ટ્રલ ઝોનમાં ૨,૬૮,૭૫૦/–, વરાછા ઝોનમાં ૧,૬૪,૯૭૦/–, રાંદેર ઝોનમાં ૯૯,૫૫૦/–, કતારગામ ઝોનમાં ૧,૩૦,૮૫૦/–, ઉધના ઝોનમાં ૧,૮૯,૮૦૦/–, અઠવા ઝોનમાં ૧,૦૧,૨૫૦/–, લીંબાયત ઝોનમાં ૪,૧૯,૮૬૦/–વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ.

TOP

## ૬૫માં વન મહોત્સવ બાબત :–




૬૫માં વન મહોત્સવની તા.૦૧/૦૮/૨૦૧૪ના રોજ શહેરીજનો અને સ્કુલ / કોલેજનાં વિદ્યાર્થીઓની હાજરીમાં નોર્થ (કતારગામ) ઝોન વિસ્તારમાંઆવેલ ટી.પી.એસ.નં.૩૫, એફ.પી.–આર.૧૨ ગોવિંદજી હોલ પાસેના ગાર્ડન પ્લોટમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ. જેમાં મા.ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરીયા, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધયક્ષ શ્રીમતી જશુબેન રાઠોડ અને વિસ્તારના મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનોની હાજરીમાં કુલ–૪૮૦ બિગ્નોનીયન, ટબુબીયા, કોર્ડીયા જાત વૃક્ષોનું પ્લાન્ટેશન રાયન ઈન્ટર નેશનલ સ્કુલ, બ્રિલીયન્ટ પ્રાયમરી સ્કુલ તેમજ ગુરૂકુલ શાળાનાં વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ સાથે અને ગાર્ડન વિભાગે દિવસ દરમ્યાન ૬૧૮ રોપાઓના વૃક્ષારોપણ સહિત કુલ–૧૦૯૬ રોપાઓનો વૃક્ષારોપણ તા.૦૧/૦૮/૨૦૧૪નાં રોજ કરવામાં આવેલ હતુ તેમજ હાજર મ્યુ.પદાધિકારીઓ અને મ્યુ.સભ્યશ્રીઓ હસ્તે તુલસીના કુલ–૨૦૦ રોપાઓનું અને બોરસલ્લી, પુત્રંજીવા, કરણ, બિગ્નોનીયા, કચનાર, સ્ટરકયુલા, દેશી લીમડો, ટેકોમા, પારિજાત, ગુલમહોર, પ્લેટોફોરમ, ટગર, ફાયકસ વિગેરે કુલ–૭૪૧ વિગેરે વિવિધ પ્રકારના રોપાઓનું શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અને નગરજનોને સ્થળ પરથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. આમ દિવસ દરમ્યાન કુલ મળી ૨૦૩૭ રોપાઓનું શહેરમાં વિવિધ સ્થળે પ્લાન્ટેશન કરવામાં આવેલ.

TOP

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૨/૦૮/૨૦૧૪ ના રોજ અસારાવાલા શહેરી આરોગ્ય કેન્દ્ર,હોળી બંગલા સ્કુલ,સુરત. ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રૂગ્ણાલયો,વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં ચેરપર્સન શ્રીમતિ ઉર્મિલાબેન રાણા,આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિ.)ડો.હેમંત દેસાઈ, મ્યુનિ.સદસ્ય સ્મીતાબેન પટેલ , સેન્ટ્રલ ઝોન આસી.કમિશ્નરશ્રી બી.એલ.પટેલ,સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર શ્રી.જે.એસ.સોલંકી ,નાયબ આરોગ્ય.અધિકારી ડો.કે.આઈ.ખત્રી તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, અસારાવાલા/ સોનીફળીયા/ ડી.કે.એમ./ક્ષેત્રપાળ શહેરી આરોગ્ય કેન્દ્રના તથા વેકસીનેશન બ્રાંચના મેડીકલ ઓફીસરો તથા આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા નવ વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પોનું આયોજન કરે છે. ગુજરાત સરકાર તરફથી અમલમાં આવેલ મહિલા સશકિતકરણ કાર્યક્રમમાં ભાગ લેવા જણાવ્યું તથા " સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. નાગરીકોને આવા વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ.તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવેલ હતુ.

રૂગ્ણાલય સમિતિના ચેરપર્સન શ્રીમતિ ઉર્મીલાબેન રાણા એ પોતાના પ્રાસંગીત પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ચોમાસાની ૠતુમાં રોગ ચાળાનુ પ્રમાણ વધારે જોવા મળતુ હોવાથી સુરત મહાનગરપાલિકા આવા મેડીકલ કેમ્પો દરેક ઝોન માં યોજે છે.તેમજ જાહેર જનતાને રોગ ચાળા વિષે જ્ઞાન મળે તે માટે આરોગ્ય લક્ષી પ્રદર્શન પણ દરેક ઝોન માં યોજે છે જેથી જાહેર જનતાને આવા નિષ્ણાંત ડોકટોરોની સેવા લેવા અનુરોધ કર્યો હતો.તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યુ હતું તથા ચોમાસાની ૠતુ દરમ્યાન ધાબા પરનો નકામો કાટમાળમાં વરસાદનું પાણી ન જમા થાય તે માટે યોગ્ય જગ્યાએ મૂકવા જણાવ્યું તથા બહારનો ખોરાક ન ખાવાની સલાહ આપી.

મ્યુનિ.સદસ્ય સ્મીતાબેન પટેલ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે,આ વર્ષનો આ પાંચમો મેડીકલ કેમ્પ છે. સુરત શહેરનો ખુબજ ઝડપથી વિકાસ થઈ રહયો છે. જેની સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગૃત છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તમામ ઝોનમાં સ્લમ – સ્લમલાઈક વિસ્તારોમાં પ્રતિ વર્ષ વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પો યોજે છે. જેનો લાભ લેવા નાગરીકોને વિનંતી કરેલ. મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા, યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતું".

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં અસારાવાળા શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૪૪૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૫૭, ચામડીના નિષ્ણાત દ્વારા ૮૩, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૧, બાળરોગ નિષ્ણાત દ્વારા ૦૨,

ફિઝીશ્યન દ્વારા ૦૧, સર્જન દ્વારા ૦૧, મેડીકલ ઓફીસર દ્વારા ૦૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૨૬ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૧૦૦, પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ ૫૯, દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના  સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૨૦૦૦, પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૫ , ઓરલ પીલ્સ ૦૭ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૫૦૦ , ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૧ બાળકને પેન્ટાવેલેન્ટ, ૦૧ બાળકને પોલીયો, સગર્ભા માતાને ૦૨ ટીટી, રસી આપવામાં આવી હતી તથા ૨૦૦૦ કલોરીન ટેબલેટનું  વિતરણ કરવામાં આવ્યુ હતું.

નોંધ :– આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ.૦૯/૦૮/૧૪ના  રોજ પનાસ અર્બન હેલ્થ સેન્ટર,નહેર પાસે,પનાસ ગામ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## ૬૫માં વન મહોત્સવ બાબત :–

૬૫માં વન મહોત્સવ ઉજવણી નિમિતે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના જે તે ઝોનમાં આવેલ તમામ ૩૮ ઈલેકશન વોર્ડ વિસ્તારમાં વધુ વૃક્ષો વાવી આપણું સુરત હરીયાળુ સુરત બનાવવાના હેતુસર તા.૦૧/૦૮/૧૪ થી તા.૦૭/૦૮/૧૪ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ છે.

આજ તા.૦૨/૦૮/૧૩ના રોજ નીચે જણાવેલ વિગતો મુજબ જે તે ઝોનનાં ઈલેકશન વોર્ડ વિસ્તારમાં સંબંધિત મ્યુ.સભ્યશ્રીઓ તથા નગરજનો સાથે વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ.

| ઝોન | વોર્ડ નં. | હાજર રહેલ કોર્પોરેટરનું નામ | પ્લાન્ટેશન રોપા સંખ્યા |
|---|---|---|---|
| સેન્ટ્રલ | ૧૩ | શ્રીમતી શિલ્પાબેન જયેશભાઈ શેઠ | ૧૫ |
| વેસ્ટ | ૦૧ | શ્રીમતી લક્ષ્મીબેન શૈલેન્દ્રકુમાર રાંદેરીયા | ૫૦ |
| | | શ્રી હિતેશભાઈ અર્જુનભાઈ પટેલ | |
| નોર્થ | ૦૨ | શ્રી વિજયભાઈ રમણભાઈ ચૌહાણ | ૧૭૦ |
| સાઉથ ઈસ્ટ | ૨૬ | શ્રીમતી મીતાબેન અનિલભાઈ ચૌહાણ | ૦૭ |
| | | શ્રીમતી જયેશભાઈ મહેન્દ્રભાઈ જરીવાલા | |
| ઈસ્ટ | ૦૩ | શ્રી પ્રફુલભાઈ છગનભાઈ પાનસેરિયા | ૮૧ |
| | ૦૪ | શ્રીમતી મીનાબેન દિનેશભાઈ હિંગુ (કુમાર) | ૯૪ |
| | | શ્રી અરવિંદભાઈ ભવાનભાઈ ગોયાણી | |
| | | શ્રી બાબુભાઈ ધનજીભાઈ ચોડવડિયા (જીરાવાળા) | |
| | | કુલ | ૪૧૭ |

દિવસ દરમ્યાન વિવિધ વોર્ડ વિસ્તારમાં થયેલ ૪૧૭ રોપાના ટ્રી પ્લાન્ટેશન અને અન્ય સ્થળોએ કરેલ પ્લાન્ટેશન સહિત કુલ ૬૭૮ રોપાનું ટ્રી પ્લાન્ટેશન તેમજ વિનામૂલ્યે વુક્ષોના રોપા વિતરણ કેન્દ્રો મારફત ૨૪૩૦ નંગ વિવિધ વુક્ષોના રોપાઓના વિતરણ સહિત કુલ–૩૧૦૮ રોપાઓનું શહેરમાં પ્લાન્ટેશન કરવામાં આવેલ.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૦૮/૨૦૧૪, શનિવારના રોજ નહેરુ બ્રિજ, અડાજણ, સુરત ખાતે ગુજરાત રાજયના પ્રથમ મહિલા મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે રાંદેર ઝોન વિસ્તારમાં તાપી નદીના જમણા કાંઠે રૂા. ૧૯.૩૫ કરોડના ખર્ચે સાકારિત તાપી રીવરફ્રન્ટ પ્રોજેકટની લોકાર્પણવિધિ સંપન્ન કરવામાં આવી.



સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૦૮/૨૦૧૪, શનિવારના રોજ નહેરુ બ્રિજ, અડાજણ, સુરત ખાતે ગુજરાત રાજયના પ્રથમ મહિલા મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે રાંદેર ઝોન વિસ્તારમાં તાપી નદીના જમણા કાંઠે રૂા. ૧૯.૩૫ કરોડના ખર્ચે સાકારિત તાપી રીવરફ્રન્ટ પ્રોજેકટની લોકાર્પણવિધિ સંપન્ન કરવામાં આવી.

આ પ્રસંગે મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે એ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત રૂા. ૧૯.૩૫ કરોડના ખર્ચે સાકારિત તાપી રીવરફ્રન્ટની લોકાર્પણવિધિ સંપન્ન કરવામાં આવી છે તથા રૂા.૧૩૭.૯૫ કરોડના ખર્ચે લોકાર્પિત/ખાતમુહૂર્ત/નામકરણ થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ સંપન્ન થયેથી શહેરીજનોને વિવિધ પ્રકલ્પોનો લાભ પ્રાપ્ત થશે અને આગામી દિવસોમાં પણ પ્રજાહિતના વિકાસ કાર્યોનો શુભ લાભ થશે. મંચસ્થ મહાનુભવોનું સુખડી અને સ્મૃતિભેટથી સન્માન કરવામાં આવ્યું હતું. સુખડીથી સન્માન કરવાનો હેતું બાળકોમાં કુપોષણ દૂર કરવાનો હતો.

ત્યારબાદ મહાનગરપાલિકાના અન્ય પ્રકલ્પો જેવાકે ડ્રેનેજ યોજના, મલ્ટીલેવલ પાર્કીગ, ફાયર સ્ટેશન તથા ફાયર સ્ટાફ કવાર્ટસ, કોમ્યુનિટી હોલ, પ્રાથમિક શાળા, વોર્ડ ઓફિસ તથા પોલીસ ચોકી, વાંચનાલય, શાંતિકુજ, આંગણવાડી, ફુટઓવર બ્રિજ, નવો પુલ, રેલ્વે ઓવર બ્રિજ, ફલાય ઓવર બ્રિજ, ઈ.ડબલ્યુ.એસ.આવાસો, એલ.આઈજી આવાસો ,પાર્ટી પ્લોટ ,સુરત પંપીગ સ્ટેશન, હેલ્થ સેન્ટર વિગેરેની તકતીઓની અનાવરણવિધિ ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવી .

સુરત મહાનગરપાલિકાની ફાયરની સુવિધા વિકસાવવા માટે મા. સાંસદશ્રી સી.આર.પાટીલ તથા મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ ની ગ્રાન્ટમાંથી રૂા. ૧(એક) કરોડ ની રકમના ચેક મા.મુખ્યમંત્રીશ્રીના વરદ્હસ્તે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા અને મા.કમિશનરશ્રી મિલિન્દ તોરવણેને અર્પણ કરવામાં આવ્યા. સુરત મહાનગરપાલિકાએ દ.ગુ.યુનિવર્સિટીના કુલપતિશ્રી દક્ષેશ ઠાકરને વીર નર્મદના ભવન માટે રૂા. ૧૧ લાખનો ચેક સુરત સ્માર્ટ સીટી અંતર્ગત પોલીસ કંટ્રોલ રૂમ માટે CCTV કેમેરા પ્રોજેકટ માટે રૂા. ૩ (ત્રણ) કરોડનો ચેક મા.મુખ્યમંત્રીશ્રી ના વરદ્હસ્તે પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાનાને અર્પણ કરવામાં આવ્યો.

સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આંગણવાડીઓ દત્તક લેવાના પ્રથમ ફેઝમાં ૧૧૧ આંગણવાડીઓ ૧૧ સંસ્થાઓ દ્વારા દત્તક આપવા સુરત મહાનગરપાલિકા અને સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચે સમજૂતી કરારનો આદાન–પ્રદાન મા.મેયરશ્રી અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યો. ૫૬૭ આંગણવાડીઓમાં પોષક આહાર આપવા બાબતે મોદી સમર્થક મહિલા મંડળના પ્રતિનિધિ મા.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ તથા સુરત મહાનગરપાલિકા વચ્ચે મા. મુખ્યમંત્રીશ્રી દ્વારા સમજૂતી કરારનું આદાન–પ્રદાન કરવામાં આવ્યું હતું. ''ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ કાર્યક્રમ'' અંતર્ગત ભરતી મેળા સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા ૭૨ ઉમેદવારોને માર્શલ તરીકેની નિમંણૂક આપવામાં આવી જે પૈકી ૫ (પાંચ) ઉમેદવારોને મા.મુખ્યમંત્રીશ્રી ના વરદ્હસ્તે નિમંણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા.

મા. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા દ્વારા આજે રૂા. ૧૯.૩૫ કરોડ ના ખર્ચે સાકારિત થએલ તાપી રીવરફ્રન્ટ તથા રૂા. ૧૩૭.૯૫ કરોડના ખર્ચે સાકારિત થનાર વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્ત/નામકરણવિધિ પ્રસંગે પધારેલ ગુજરાત રાજયના શ્રીમતી આનંદીબેન પટેલ

નાણાંમંત્રીશ્રી સૌરભભાઈ પટેલ અહીં ઉપસ્થિત છે. રાજય સરકાર દ્વારા બજેટ માં સુરત શહેરને જે સુવિધા આપવામાં આવી છે, તેનો ઋણ સ્વીકાર કર્યો હતો. મેડિકલ કોલેજમાં ૧૦૦ સીટનો વધારો કર્યો તેમાં વર્ષો થી ૧૫૦ સીટની સુવિધા હતી. મેડિકલ માં ૧૦૦ સીટ વધારે થવાથી ૨૫૦ વિર્ધાથીઓને ડોકટર બનવાની સુવિધા પ્રાપ્ત થઈ છે. હાલમાં રાજય સરકાર દ્વારા સુરત મહાનગરપાલિકા ને જકાત પેટે જે ગ્રાન્ટ આપવામાં આવતી હતી તેમાં રાજય સરકારે ૧૫% ગ્રાન્ટ નો વધારો કર્યો છે.

સુરત મહનગરપાલિકા વિકાસની હરણફાળ ભરી રહી છે. શહેરમાં વસ્તીવધારો થવાને કારણે વિકાસ કરવો અનિવાર્ય હોય, સુરત મહનગરપાલિકા પ્રજાજનોને મુળભૂત સેવાઓ પૂરી પાડવા ઉપરાંત વધારાની સેવા પૂરી પાડેલ છે. જે સંદર્ભે સને ૨૦૧૪–૧૫ બેસ્ટ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. આ સાથે મહાનગરપાલિકાએ ૪ (ચાર) બ્રિજનું નામકરણ કરેલ છે. જેમાં બમરોલી તથા ભીમરાડને જોડતા કાંકરાખાડી ઉપર સાકારિત બ્રિજને "માંધવરાવ સદાશિવ રાવ ગોળવકર" અમરોલી–સાયણ તરફ જતાં રસ્તા પર કોસાડ ફાયર સ્ટશેનની બાજુમાં આવેલ હયાત ખાડી પુલની બન્ને બાજુએ તથા પુલની જગ્યાએ સાકારિત નવા પુલનું નામ " નાથાલાલ જગરામ" ભેસ્તાન–ભુસાવલ રેલ્વે લુપ લાઈન ઉપર આવેલ લેવલ ક્રોસીંગ નં. ૨ ની જગ્યાએ ડીંડોલી મેળન રોડ પર જુના જકાતનાકા પાસેથી પસાર થતાં ટી.પી/ડી.પી. રસ્તાર પર સાકારિત રેલ્વે ઓવર બ્રિજને " જયોતિબા ફુલે " તેમજ સુરત–હજીરા મેઈન રોડ પર સ્ટાર બજાર જંકશન નજીક સાકારિત " વીર વિનાયક દામોદર સાવરકર" ના નામ આપેલ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તાપી રીવરફ્રન્ટ સ્થળે પહેલા હજારોની સંખ્યામાં ઝુંપડાઓ હતા તે ઝુંપડાવાસીઓને સલામત સ્થળે ખસેડી સુરત મહાનગરપાલિકા એ સુવિધાયુકત આવાસો ફાળવી આ રમણીય સ્થળ પ્રજાજનો માટે લોકાર્પણ કર્યું છે. વિકાસની હરણફાળ ભરી રહેલ આ સુરત શહેર છેવાડાના માનવી ને ઉત્તમ સુવિધાઓ મળી રહે તેવા આયોજન હાથ ધરી રહી છે.

ગુજરાત રાજયના નાણાં મંત્રીશ્રી તેમજ સુરત શહેરના પ્રભારી મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યુ કે સુરત શહેરની ઓળખ અનેક લોકોએ અલગ અલગ આપેલ છે કોઈએને ડાયમંડ સીટી,સીલ્ક સીટી,કલીન સીટી તરીકે ઓળખે છે. શહેરોનું શહેર એટલે સુરત શહેર, વન ઓફ ધ ફાસ્ટેડ સીટી એટલે સુરત. સુરત શહેર જેટલી સુવિધાઓ કોઈપણ શહેરમાં મળતી નથી. સુરતમાં તમામ પરપ્રાંતીયો સુરતના ભાગ તરીકે રહે છે. સુરત શહેરના પ્રભારીમંત્રી હોવાનું ગૌરવ અનુભવુ છું. રાજય સરકાર શહેરો પર ખૂબ ધ્યાન આપે છે. રાજય સરકાર રૂા. ૧૦,૦૦૦ કરોડ સીધા શહેરોમાં ફાળવે છે. ૪૦% થી વધુ વસ્તી હોય તો શહેરીજનોને માળખાકીય સુવિધાઓ માટે મદદરૂપ થાય છે.

મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે પહેલા લોકો નદી–કિનારે વસવાટ કરતા હતા અને નદીમાં પાણી ન હોય ત્યારે સરકસ ના ખેલ થતાં હતા. ભૂતકાળમાં નદી કિનારા ને પણ રમણીય સ્થળો બનાવી શકાય તેવો વિચાર કોઈને આવ્યો ન હતો પરંતુ ભારતના વડાપ્રધાન મા.શ્રી નરેન્દ્ર મોદીને આવા સ્થળોને રમણીય બનાવવાનો વિચાર આવ્યો. જેને અમલમાં મુકી અમદાવાદ ખાતે પ્રથમ રમણીય સાબરમતી રીવર ફ્રન્ટ બનાવવામાં આવ્યો જેને કારણે સાબરમતી નદીનું દ્વશ્ય બદલાયું છે. આજરીતે આ યોજનાનો અમલ અન્ય શહેરોમાં પણ કરવામાં આવ્યો છે.

**TOP**

## સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના( SJMMSVY) અંતર્ગત બાબત :–

સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના( SJMMSVY) અંતર્ગત તમામ સુવિધાઓ દરેક શહેરોને પ્રાપ્ત થાય તે માટે દરેક પ્રકારની ગ્રાન્ટ ફાળવવાની શરૂઆત થઈ તેના ભાગરૂપે રૂા. ૧૯૦૦ કરોડ જેટલી માતબર રકમ સુરત ને ફાળવવામાં આવી છે. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે સુરત શહેર એટલે મોજીલુ શહેર.તાપીમાં જયારે પુર આવ્યુ ત્યારે લોકોએ મોજ માણી હતી. પાણી એ પરમાત્માએ આપેલ પ્રસાદ છે જેની કિમત સમજી ને ઉપયોગ કરવો. આજરોજ સાકારિત તાપી રીવર ફ્રન્ટનો ઉપયોગ સુરત શહેરની જનતાએ સારી રીતે કરવો અને તેમાં ગંદકી ન થાય તે માટે કાળજી રાખવા જણાવ્યું હતું.

આંગણવાડીને દત્તક લેવાથી બાળકોને કુપોષણ માંથી મુકતિ મળનાર છે. જેથી શહેરના શ્રેષ્ઠીઓને વધુ આંગણવાડીઓ દત્તક લેવાનું સૂચન કરવામા આવ્યું.અંતમાં મુખ્યમંત્રીશ્રીએ વધુ આંગણવાડીઓ દત્તક લઈ સુરત શહેરને ફકત ડાયમંડસીટી,સીલ્કસીટી સુધી જ નહી પરતું કુપોષણમુકત શહેર બને તે માટે પ્રયાસ કરવા જણાવ્યું

અંતમાં સુરત મહાનગરપાલિકાના ડે.મેયર શ્રીમતી રંજનબેન કે. વેકરીયા એ મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મા.મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, મા.મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા, મા.રાજયકક્ષાના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, મા.સાંસદશ્રી સી.આર.પાટીલ.,મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા.સાંસદશ્રી પરભુભાઈ વસાવા, મા.પૂર્વ સાસંદશ્રી ભરતસિંહજી પરમાર, મા.પૂર્વ મંત્રી અને સાંસદશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, મા.ધારાસભ્ય અજયકુમાર ચોકસી, મા.ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, મા.ધારાસભ્યશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, મા.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મા.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, મા.સ્થાયી સમિતિ ચેરમેનશ્રી નિરવ શાહ,મા.નેતાશ્રી શાસકપક્ષશ્રી કિશોરભાઈ બિંદલ, મા.ચેરમેનશ્રી ગુ.હા.બોર્ડ, શ્રી વિવેકભાઈ પટેલ,શ્રી સુફીસંત , મા.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, મા.કુલપતિ શ્રી દક્ષેશ ઠાકર (દ.ગુ.યુનિ.)મા.પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાના મા.કલેકટર ડો.રાજેન્દ્રકુમાર, મા.મેનેજીગ ડિરેકટર શ્રી એચ.એસ.પટેલ(દ.ગુ.વિજ.કુ) પત્રકારો,સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ/કર્મચારીગણ તેમજ શહેરીજનો વિગેરેએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તે બદલ સૌનો આભારવ્યકત કર્યો હતો.

TOP

## " રાખી મેલા " બાબત :–

 

ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતાને ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવંતા બનાવવાના ભાગરૂપે રક્ષાબંધનના પવિત્રપર્વ નિમિત્તે રાખડી અને અન્ય સંબંધિત ચીજવસ્તુઓના વેચાણ માટે સીધુ બજાર મળી રહે તેમજ મહિલાઓના રચાયેલ સખી મંડળોને આર્થિક ટેકો મળે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૩/૦૮/૨૦૧૪ થી તા. ૦૯/૦૮/૨૦૧૪ સુધી વિવિધ ઝોન વિસ્તારમાં કુલ–૧૬ સ્થળોએ કરવામાં આવેલ છે, જેમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા અમલીકૃત મિશન મંગલમ (અર્બન) યોજના હેઠળના સખી મંડળોના કુલ–૫૨ સ્ટોલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કુલ–૦૯ તથા વિવિધ મહિલા મંડળોના કુલ–૦૭ મળી કુલ–૬૮ સ્ટોલ મારફતે મહિલા જુથો ધ્વારા ઉત્પાદિત/વેચાણ થતી રાખડી તેમજ અન્ય ચીજ–વસ્તુઓનું વેચાણ કરવામાં આવનાર છે.

તા. ૦૩/૦૮/૨૦૧૪ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા ના વરદ્હસ્તે અઠવા ઝોનના અલથાણ શાક માર્કેટ, અલથાણ ટેનામેન્ટની પાછળ " રાખી મેલા "નું ઉદ્ઘાટન કરવામાં આવેલ.

આ પ્રસંગે મા. મ્યુકમિશનરશ્રી એ ઉદ્બોધન માં જણાવ્યું હતું કે માર્કેટ માં સરસ પેકીંગમાં વસ્તુ મળે તથા એડવરટાઈઝમેન્ટનો લાભ મળે, એરકંડીશન મોલ મળે, તેનેથી વસ્તુઓનું વેચાણ વધે છે. જેનો લાભ અન્ય દેશોના ઉત્પાદનને મળે છે. જયારે આવા મેળાઓમાં હાથે ઉત્પાદિત થયેલ વસ્તુઓનું વેચાણ થવાથી ગરીબ લોકોને તેનો લાભ મળે છે. આ માટે આજે ૦૭ ઝોનમાં સ્ટોલો મારફત મહિલા જુથો ધ્વારા ઉત્પાદિત થતી રાખડી તથા અન્ય ચીજ–વસ્તુઓનું વેચાણ કરવામાં આવનાર છે. આ સ્ટોલોમાં મળતી વસ્તુઓની જ ખરીદી કરે જેથી સખી મંડળો ધ્વારા ઉત્પાદિત ચીજ–વસ્તુઓના વેચાણને પ્રોત્સાહન મળે.વધુમાં જણાવેલ કે આ સ્ટોલો પર વિઝિટ બુક મુકવામાં આવેલ છે. તેમાં ફરિયાદ કે સૂચનો જણાવવા વિનંતી કરેલ.

મા.સાસંદ શ્રીમતી દર્શનાબેન જરદોશ તેમના વ્યકતવ્યમાં જણાવ્યું કે રાજય સરકાર તથા સુરત મહાનગરપાલિકાના ઉપક્રમે રાજયની બહેનો સ્વનિર્ભર થાય તે માટેના આયોજનો કરવામાં આવે છે. ગુજરાતમાં હાલ ૧ લાખ જેટલા સખી મંડળો છે સખી મંડળમાં તેમના જ વિસ્તારની ૧૫–૨૦ મહિલા ધ્વરા મંડળની રચના કરવામાં આવે છે. જેઓ દર મહિને અમુક રકમ ઉઘરાવી તેજ પૈસા માથી આ મંડળોનું સંચાલન કરે છે અને જરૂરિયાતમંદ બહેનોને આર્થિક મદદ પણ કરે છે અને બહેનોને સ્વનિર્ભર બનાવે છે. ગુજરાત રાજય સરકાર પણ આવા સખી મંડળોને આર્થિક વિકાસ નિગમ હેઠળ તેઓએ ઉત્પાદિત કરેલી ચીજ–વસ્તુઓનું વેચાણ કરવામાં મદદરૂપ થાય છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા આવા સખી મંડળો ધ્વારા ઉત્પાદિત ચીજ–વસ્તુઓ વેચવા માટે "રાખી મેલા" જેવુ આયોજન કરી પોતાની જવાબદારી નિભાવે છે એમ જણાવે છે.

મા.મેયરશ્રી એ પોતાના ઉદ્બોધનમાં જણાવેલ કે ગુજરાત રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી નો સતત પ્રયાસ એ રહે છે કે મારા ગુજરાત ની બહેનો સ્વનિર્ભર બને. આ બહેનો સામાન્ય પરિવારની હોય ઘર ચલાવવાની જવાબદારી તેઓ નિભાવતી હોય આ બહેનો પોતાના પગ પર ઉભી રહે તેમાટે સ્વનિર્ભર બને અને પુરૂષ સમોવડી બને તેવા પ્રયાસો કરે છે. ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી ધ્વારા તેમના સ્વાગતમાં વાપરવામાં આવતા પુષ્પ

વૃક્ષનો ઉપયોગ બંધ કરાવી તેની જગ્યાએ સુકો મેવો, ફળ, સુખડી, વગેરેનો ઉપયોગ કરવા જણાવેલ. જે વસ્તુઓ સન્માન બાદ આંગણવાડીના બાળકોમાં વેચવામાં આવે છે જેથી તેઓના કુપોષણ/અલ્પપોષણ જેવી સમસ્યા માંથી તેઓને બહાર પાડી શકાય. સુરત મહાનગરપાલિકા કુપોષણ બાબતે સજાગ અને સતર્ક છે. બહેનોના આર્થિક ઉત્થાન અર્થ આવા ''રાખી મેલા'' ખુલ્લા મુકવામાં આવ્યા છે. સમાજના ભાઈ–બહેનો ને વિનંતી કે દરેક વ્યકિત '' રાખી મેલા '' તથા સખી મડળો એ બનાવેલી રાખી જ ખરીદે જેનાથી બહેનો રોજી રોટી મળશે તથા આપણી રાખી અંગેની જરૂરિયાત પણ સંતોષાશે. બજાર મળતી રાખડીઓ જેવી જ રાખડીઓ આ સ્ટોલ ઉપર ઉપલબ્ધ છે જેથી મોટા જથ્થામાં આ રાખડીઓ ખરીદ કરી જરૂરિયાતમંદ બહેનોના આર્થિક ઉપાર્જનમાં મદદરૂપ બને. આવુ જણાવી રાખડી મેળા માંથી જ રાખડીઓ ખરીદી કરે એવો આગ્રહ નગરજનોને કરેલ.

અંતમાં સુરત મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ એ મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,મા.સ્થાયી સમિતિ ચેરમેનશ્રી નિરવ શાહ, મા.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,વોર્ડ ના સદસ્યશ્રીઓ તથા શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તે બદલ સૌનો આભારવ્યકત કર્યો હતો.

TOP